પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૭૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૨-૦૩-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 177 PRICE :-RS. 1.50 DATE : 22-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ચૂંટણી ખત્મ, પ્રજા પર પ્રતિબંધ, પ્રજા ભલે મરતી હોય તો મરે

## રાજ્યમાં મર્યાદિત સંખ્યામાં હોળી પ્રગટાવવાની છૂટ, રંગોત્સવ પર 'પ્રતિબંધઃ નીતિન પટેલ

ગાંધીનગર,

રાજ્યમાં કોરોનાના પોઝિટિવ કેસો સતત વધી રહ્યા છે. ત્યારે કોરોનાના સંક્રમણને કાબુમાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ફરીથી અલગ-અલગ પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. ત્યારે હવે રાજ્ય સરકારે ધુળેટીની ઉજવણી પર પ્રતિબંધ લગાવ્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું છે કે, હોળી ધાર્મિક રીતે પ્રગટાવી શકાય છે પરંતુ તેના બીજા દિવસે કલરથી રમી શકાશે નહીં અને લોકોને એકઠા કરી શકાશે નહીં.



કરફયૂ વિશે નાયબ મુખ્યમંત્રી બોલ્યા કે, જરૂર છે ત્યાં રાત્રિ કરફ્યૂ મૂક્યો છે, કેટલાક બજારો શનિ રવિમાં બંધ રાખ્યા છે. ખરીદી માટે લોકો માર્કેટમાં શનિ રવિમાં આવતા જતા હોય છે, તેથી મોલ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. વેપાર ધંધા કે નાના માણસની રોજગારી પર અસર ના થાય તેનું ધ્યાન રાખી રહ્યા છીએ. હાલ ૪ થી ૫ પ્રકારના કોરોનાના નવા સ્ટ્રેઈનના કેટલાક શહેરના દર્દીઓ જોવા મળ્યાં છે. સદનસીબે યુકે સ્ટ્રેઈન જે ખૂબ સંક્રમણ ફેલાવે છે તેની જે ચિંતા હતી, એવી ચિંતાજનક કોઈ સ્ટ્રેઈન માલુમ પડ્યું નથી.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, હોળી અને ધૂળેટીના તહેવારમાં ધાર્મિક રીતે હોળી પ્રગટાવવાની આપણે મંજૂરી આપીશું પરંતુ એકબીજા પર કલર છાંટવા, એકબીજાને રંગવા, ટોળાં એકઠા કરવા અને દોડી દોડીને એકબીજાને રંગવા માટે ભીડ એકત્ર કરવી, આ પ્રકારની કોઇ પણ મંજૂરી આપવાની નથી. ફક્ત ધાર્મિક રીતે હોળી દહન માટે મર્યાદિત લોકોને એકત્ર થાય તે માટે મંજૂરી આપવામાં આવી છે. ગામડાઓમાં શહેરોમાં મહોલ્લાઓમાં શેરીઓમાં અને ગલીઓમાં ધાર્મિક રીતે અને ધાર્મિક વિધિ અનુસાર હોળી પ્રગટાવવાની મંજૂરી આપવામાં આવી છે પરંતુ કોઈને રમવાની મંજૂરી આપવામાં આવી નથી.

### વેપારીઓ મુજબ માત્ર ૩૦-૪૦% જ ઘરાકીના એંધાણ

## રાજ્યભરમાં કોરોના સંક્રમણ વધતાં રંગો અને પિચકારીના ધંધામાં મંદીના ભણકારા

અમદાવાદ,

અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાએ ફરીથી ઉથલો મારતા સરકાર દ્વારા નાઈટ કરફ્યુ સહિતના પ્રતિબંધો મૂકવાની ફરજ પડી છે. રાત્રે ૯થી સવારે ૬ વાગ્યે સુધી કરફ્યુ હોવાને કારણે ધંધા પર પણ અસર પડી રહી છે. આગામી દિવસોમાં હોળી ધૂળેટીના તહેવારો આવી રહ્યા છે ત્યારે કોરોનાના કહેર વચ્ચે સતત બીજા વર્ષે હોળીના તહેવાનું ધોવાણ નીકળી જાય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. રંગો અને પિચકારીના



ધંધામા મંદીના ભણકારા વાગી રહ્યા છે અને ૩૦-૪૦ ટકા જેટલી ઘરાકી થાય તેવો વેપારીઓ અંદાજ લગાવી રહ્યા છે.

જણાવી દઈએ કે, દિવાળી પછી કોરોનાએ ફરીથી માથું ઉચક્યું હતું, જો કે, કોરોનાના નિયમોનું પાલન કરતા અને તંત્ર દ્વારા કડક પગલાં લેવાતા સંક્રમણ કાબૂમાં આવી ગયું હતું. કોરોનાની અસર ઓછી થયા બાદ વેપારીઓમાં હોળીના તહેવારથી સિઝનલ ધંધામાં તેજી આવવાની આશા હતી, પરંતુ રાજ્યમાં ચૂંટણી અને ક્રિકેટ સ્ટેડિયમાં મોટી સંખ્યામાં દર્શકોને પ્રવેશ મળતા કોરોનાએ ફરીથી ઉછાળો માર્યો, જેથી સરકારે ફરીથી કેટલાક પ્રતિબંધો લાગુ કરતા તેમના આશામાં પર પાણી ફરી વળ્યું છે. વેપારીઓના જણાવ્યા અનુસાર પિચકારી સહિતના માલનો મોટો જથ્થાનો સ્ટોક કર્યો હતો પરંતુ ફરીથી કેસો વધતા વેચાણ નહિવત થવાની શક્યતા છે.

વેપારીઓએ જણાવ્યું કે, કોરોના નબળો પડ્યો હોવાથી તેમને ધંધો સારો હોવાની આશા હતી, પરંતુ હવે કોરોના સંક્રમણ વધતાં મોટા પ્રમાણમાં સ્ટોક કરેલો માલ પડ્યો રહેવાને કારણે મોટું નુકસાન થવાની ભીતિ છે. શહેરના રાયપુર દરવાજા, દિલ્હી દરવાજા, કાલુપુર, માણેકચોક સહિતના વિવિધ વિસ્તારોના હોલસેલના વેપારીઓનું કહેવું છે કે, પિચકારીઓની વેરાયટીમાં ભારે વિવિધતા હોય છે, જેમાં ૨૦થી ૫૦૦ રૂપિયા સુધીની હોય છે, પરંતુ આ વર્ષે કોરોનાને કારણે વેપારીઓએ માલનો સ્ટોક પ્રમાણમાં ઓછો કર્યો છે. છતાંય માલ વેચાશે કે કેમ તે એક પ્રશ્ન છે.

માધુપુરા માર્કેટમાં રંગો અને ગુલાલના હોલસેલના વેપારીઓનું કહેવું છે કે, રંગોનું વેચાણ સામાન્ય રીતે પણ હવે ઓછું થતું જાય છે. એના પ્રમાણમાં હાઈજીન અને નેચરલ ગુલાલનું વેચાણ વધુ થાય છે. ઓવરઓલ કોરોનાએ ફરી માથું ઉચકતાં હોળીની ઉજવણીમાં વિઘ્ન ઉભું થાય તેવી સંભાવના છે, અને માત્ર ૩૦થી ૪૦ ટકા જેટલી જ ઘરાકી ઘરાકી થાય તેવો અંદાજ છે.

## દુનિયામાં સૌથી શક્તિશાળી સેના ચીનની, ભારત ચોથા સ્થાને

બીજિંગ,

સંરક્ષણને લગતા મુદ્દાઓ પર પ્રકાશ ફેંકતી વેબસાઈટ મિલટરી ડાયરેક્ટ દ્વારા આજે જાહેર કરાયેલા એક અભ્યાસના તારણઓ પ્રમાણે દુનિયામાં સૌથી શક્તિશાળી સેના ચીનની છે.જ્યારે ભારત ચોથા સ્થાને છે.

આ અભ્યાસમાં કહેવાયુ છે કે, સેના પર ભારે ખર્ચ કરી રહેલુ અમેરિકા દુનિયામાં બીજા ક્રમે છે.જ્યારે રશિયા ત્રીજા અને ભારત ચોથા ક્રમે છે.પાંચમા ક્રમે ફ્રાન્સ છે.જ્યારે બ્રિટન નવમા ક્રમે છે.

આ સર્વેક્ષણમાં સેના માટેનુ બજેટ, સૈનિકોની સંખ્યા, પરમાણુ હથિયારો તેમજ પરંપરાગત હથિયારો, સૈનિકોને અપાતો સરેરાશ પગાર જેવા મુદ્દાઓને સામેલ કરીને રેંકિંગ તૈયાર કરવામાં આવ્યુ છે.ચીનની સેનાને ૧૦૦માંથી ૮૨ પોઈન્ટ મળ્યા છે અને તેને દુનિયાની સૌથી શક્તિશાળી સેના જાહેર કરાઈ છે.અમેરિકા ૭૪ પોઈન્ટ સાથે બીજા, રશિયા ૬૯ પોઈન્ટ સાથે ત્રીજા અને ભારત ૬૧ પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે.સ્ટડીમાં કહેવાયુ છે કે, બજેટ, સૈનિકો તેમજ વાયુસેના અને નૌસેનાની ક્ષમતાના આધારે કહી શકાય કે કોઈ યુધ્ધનો સિનારિયો વિચારવામાં આવે તો ચીન મોખરે હશે.

જોકે સેના પાછળ સૌથી વધારે ૭૩૨ અબજ ડોલરનો ખર્ચ અમેરિકા કરે છે અને ચીન ૨૬૧ ડોલર સાથે બીજા ક્રમે છે.જ્યારે ભારતનો ખર્ચ ૭૧ અબજ ડોલર છે.જો દરિયાઈ યુધ્ધ થાય તો ચીન, હવાઈ યુધ્ધ થાય તો અમેરિકા અને જમીની યુધ્ધ થાય તો રશિયાની સેના વિજેતા બની શકે છે.

## હાય રે મોંઘવારીઃ એપ્રિલ માસથી દવાઓ ૨૦ ટકા મોંઘી થવાના ભણકારા

ન્યુ દિલ્હી,

એપ્રિલથી જરૂરી દવાઓના ભાવમાં વધારો થઈ શકે છે. તેમાં પેનકિલર, એન્ટીઈંફેક્ટિવ્સ, કાર્ડિયાક દવાઓ અને એન્ટીબાયોટિક્સ સામેલ છે. તેનું કારણ એ છે કે સરકારે દવા બનાવનાર કંપનીઓને વાર્ષિક હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ પ્રમાણે ભાવ વધારવાની મંજૂરી આપી દીધી છે. સરકારી નોટિફિકેશન પ્રમાણે ૨૦૨૦માં ડબલ્યુપીઆઈમાં ૦.૫ ટકા ફેરફાર થયો છે. ડ્રગ પ્રાઈસ રેગ્યુલેટર નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ તેને નોટિફાઈ કર્યું.

એનપીપીએએ ફાર્માસ્યુટિકલ કંપનીઓને દર વર્ષે વાર્ષિક ડબલ્યુપીઆઈના આધાર પર શેડ્યુલ્ડ દવાઓના ભાવમાં વધારો કરવાની મંજૂરી આપી દીધી છે. પરંતુ સૂત્રોએ જણાવ્યું હતું કે કંપનીઓ દવાની કિંમતમાં ૨૦ ટકાનો વધારો કરવાની યોજના બનાવી રહ્યું છે. તેમનું કહેવું છે કે તેમના મેન્યુફેક્ચરિંગ ખર્ચમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો છે. ફાર્મા ઉદ્યોગના એક એક્ઝિક્યુટિવે કહ્યું કે અમને લાગે છે કે અમને જે ભાવ વધારવાની મંજૂરી આપવામાં આવી છે તે ખૂબ ઓછી છે.



મહામારી દરમિયાન કાચા માલના ભાવ, દરિયાઈ નૂર અને પેકેજિંગ મટિરિયલ્સના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. અમે ઝડપથી ભાવ વધારવા માટે સરકાર પાસે પરવાનગી માંગવાનું વિચારી રહ્યા છીએ. કાર્ડિયો-વસ્કુલર, ડાયાબિટીઝ, એન્ટિબાયોટિક્સ, એન્ટિ-ઈન્ફેક્ટીવ્સ અને વિટામિન બનાવવા માટે વપરાતો મોટાભાગનો કાચો માલ ચીનથી આયાત કરવામાં આવે છે. કેટલાક એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિઅન્ટસ માટે ચીન પર ૮૦ થી ૯૦ ટકા નિર્ભર છે.

## કોંગ્રેસ નેતા કમલનાથે ચૂંટણી બેલેટ પેપરથી કરવાની માંગ કરી

ઈન્દોર,

દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે કોંગ્રેસે ફરી એક વખત ઈવીએમ પર સવાલો ઉભા કર્યા છે. એક ટીવી કાર્યક્રમમાં કોંગ્રેસના નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ સીએમ કમલનાથે કહ્યુ હતુ કે, ઈવીએમનુ ચક્કર શું છે. મારે દેશની જનતાને પૂછવુ છે કે ઈવીએમથી જ ચૂંટણી કરવા માટે ભાજપ જીદ કેમ કરતી હોય છે? ઈવીએમમાંથી એવી તો કઈ ખૂશ્બુ આવે છે. જો તમે ચૂંટણી જીતવાના હોય તો બેલેટ પેપરથી ચૂંટણી કરવાની જીતો.ભાજપ કોંગ્રેસના વોટ નહીં પણ જનતાના વોટ



લૂંટી રહી છે. કમલનાથે આગળ કહ્યુ હતુ કે, લોકસભા ચૂંટણીમાં પોતાને બચાવવા માટે ભાજપે ચોક્કસ બેઠકો પર ઈવીએમ સાથે છેડછાડ કરી હતી.રાજસ્થાનમાં પણ એવુ જ થયુ હતુ.કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી કરવા માટે અભિયાન ચલાવશે.આ માટે આખા દેશમાં આંદોલન કરવામાં આવશે. આ માટે બીજી પાર્ટીઓ સાથે વાત ચાલી રહી છે. તેમણે કહ્યુ હતુ કે, આજે અમેરિકામાં ઈવીએમ નથી. આખા યુરોપ અને જાપાનમાં પણ ઈવીએમ નથી માત્ર આપણા દેશમાં જ ઈવીએમથી ચૂંટણી થાય છે. એ વાત સાચી છે કે, ઈવીએમની શરુઆત કોંગ્રેસના શાસનમાં થઈ હતી. પણ તે વખતે આ હદે ટેકનોલોજી વિકસી નહોતી.મારી પાસે સંખ્યાબંધ લોકોએ આવીને ઓફર કરી હતી કે અમે ઈવીએમ હેક કરી શકીએ છે પણ મેં કહ્યુ હતુ કે, મારે આ પ્રકારની માથાકૂટમાં પડવુ નથી. કમલનાથે કહ્યુ હતુ કે, મધ્યપ્રદેશમાં ભાજપે સોદાબાજી કરીને સરકાર બનાવી છે.મેં મારા સિધ્ધાંતો સાથે સમાધાન કર્યુ નથી.

## સાવધાન...રાજ્યમાં કોરોના કેસોમાં વધારો, દર્દીઓના રિકવરી રેટમાં ઘટાડો

અમદાવાદ,

રાજ્યભરમાં કોરોનાના કેસોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. કોરોના પર કાબૂ મેળવવા સરકારના પ્રયાસો હાલ પૂરતા નિષ્ફળ સાબિત થઈ રહ્યાં છે. ગઈકાલે રાજ્યભરમાં ૧૫૬૪ કોરોનાના કેસો નોંધાયા, ૬ લોકોના મૃત્યુ થયા છે. તો તેની સામે ગઈકાલે ૯૬૯ લોકોએ કોરોનાને માત આપી છે. કોરોનાની આ લહેર ખતરનાક હોવાનું એક્સપર્ટસ કહી ચૂક્યા છે. તો સુરતમાં કોરોનાના સામાન્ય લક્ષણો પણ જોવા નથી મળી રહ્યાં છે. તાવ-શરદી, માથુ દુખવાના કોઈ લક્ષણો દર્દીઓમાં દેખાઈ નથી રહ્યાં. આવામાં ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, જ્યાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યાં રાજ્યમાં દર્દીઓના રિકવરી રેટમાં ઘટાડો થયો છે. પ્રાપ્ત આંકડા અનુસાર, કોરોનાથી સાજા થવાનો દર ઘટીને ૯૬.૦૮% થયો છે. કોરોનાના કેસોની સંખ્યામાં સતત થઈ રહેલો વધારો તેમજ તેની સામે સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યામાં ઘટાડો નોંધાતા પરિસ્થિતિ વિકટ બનતી જઈ રહી છે. રાજ્યભરમાં રીકવરી રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. થોડા સમય અગાઉ કોરોનાના નવા દર્દીઓ સામે સ્વસ્થ્ય થનાર દર્દીઓની સંખ્યા વધારે નોંધાતી હતી. તે સમયે રાજ્યભરના રીકવરી રેટમાં વધારો થઈ રહ્યો હતો. પરંતુ ફરી એકવાર સ્વાસ્થ્ય થતા લોકો કરતા નવા કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાતા, રીકવરી રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

### તમામ હોસ્પિટલ અને ક્લિનિક વધુ પારદર્શક બનશે

## રૂપાણી સરકાર ક્લિનિકલ એસ્ટાબ્લીસમેન્ટ કાયદો લાવવાની તૈયારીમાં

ગાંધીનગર,

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી હોસ્પિટલોમાં ડોક્ટરોની ભૂલની કારણે દર્દીઓનાં મોતની ઘટનાઓ બનતી રહે છે. તેવામાં હવે રાજ્યની રૂપાણી સરકાર હોસ્પિટલોને લઈ કડક કાયદો સાવવાની તૈયારીમાં છે. સરકાર ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદો લાવવાની તૈયારીમાં છે. જેનાથી તમામ હોસ્પિટલ અને ક્લિનિક વધુ પારદર્શક બનશે. આ માટે મુખ્યમંત્રી રૂપાણીએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

રાજ્ય સરકાર આરોગ્ય ક્ષેત્રનો ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદો લાવી શકે છે. મુખ્યમંત્રી ની અધ્યક્ષતાએ આરોગ્ય મંત્રી અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદો લાગુ થયાં બાદ ગુજરાતની તમામ હોસ્પિટલો અને ક્લિનિક્સ વધુ પારદર્શક બનશે.

આ કાયદામાં જયાં દર્દીઓને અપાતી ટ્રીટમેન્ટ, દવાઓ તથા અન્ય સગવડોના ચાર્જ સહિતની યાદી પ્રવેશના સ્થળે તમામ લોકોને દેખાય તે રીતે મૂકવાની રહેશે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદાના અમલ બાદ હોસ્પિટલમાં માનવીય ભૂલથી દર્દીનો જીવ જશે તો હોસ્પિટલનું રજિસ્ટ્રેશન રદ સહીત ડૉક્ટરને કડક સજા થઈ શકે તેવી જોગવાઈ છે.

### છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૪૩,૮૪૫ પોઝિટિવ કેસ, ૧૯૭ના મોત

## કોરોના બેકાબૂઃ દેશમાં એક્ટિવ કેસ ૩ લાખને પાર

ન્યુ દિલ્હી,

ભારતમાં સતત બીજા દિવસે કોરોનાના નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ને પાર ગયો છે. પાછલા ૨૪ કલાકમાં મૃત્યુઆંક ૨૦૦ની નજીક પહોંચ્યો. જ્યારે સતત નવા કેસની સંખ્યા વધવાના કારણે એક્ટિવ કેસનો આંકડો આખરે ફરી ૩ લાખને પાર થઈ ગયો છે. સતત નવા કેસ અને મૃત્યુઆંક વધવાના કારણે પાછલા વર્ષે જે રીતે






કોરોનાના કેસ વધતા હતા તેના કરતા ઝડપથી કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. એકલા મહારાષ્ટ્રમાં જ ૯૦ કરતા વધુ લોકોએ એક જ દિવસમાં કોરોના સામે દમ તોડ્યો છે. આ સાથે દેશમાં એક્ટિવ કેસોનો આંકડો ફરીથી ૩ લાખની પાર પહોંચ્યો છે. આજે નોંધાયેલા કોરોના કેસોનો આંકડો આ વર્ષમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. ભારતમાં અત્યાર સુધી ૪,૪૬,૦૩,૮૪૧ લોકોને કોરોનાની રસી લગાવવામાં આવી છે.

રવિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૪૩,૮૪૬ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સામે ૨૨,૯૫૬ દર્દીઓ સાજા થયા છે.

ભારતમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા વધીને ૧,૧૫,૯૯,૧૩૦ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ ૧,૧૧,૩૦,૨૮૮ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થઈ ગયા છે.

ફેબ્રુઆરી બાદ નવા કેસની સંખ્યામાં સતત વધારો થવાની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઓછી રહેવાના લીધે દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૩ લાખને પાર કરીને ૩,૦૯,૦૮૭ પર પહોંચી ગયો છે. એક સમય આ આંકડો એક લાખની અંદર પહોંચવાની તૈયારીમાં હતો જોકે, મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, દિલ્હી સહિતના રાજ્યોમાં નવા કેસની સંખ્યા વધવાથી એક્ટિવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

પાછલા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૧૯૭ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે, જેની સાથે દેશનો કુલ મૃત્યુઆંક વધીને ૧,૫૯.૭૫૫ થઈ ગયો છે. ભારતમાં નોંધાતા નવા કેસનો આંકડો ૧૧૫ દિવસ પછી નવો રેકોર્ડ તોડ્યો છે. ૨૪ કલાકમાં નોંધાયેલા ૧૯૭ મૃત્યુઆંક સાથે ૯૭ દિવસ જૂનો રેકોર્ડ તૂટ્યો છે. દેશમાં સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રની છે જ્યાં ૨૪ કલાકમાં ૧૩,૪૪૬ નવા કેસ નોંધાયા છે, અને વધુ ૯૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.

ભારતમાં અત્યાર સુધીમાં ૪,૪૬,૦૩,૮૪૧ લોકોને કોરોના વાયરસના ડોઝ આપવામાં આવ્યા છે. હાલ દેશમાં ૪૫ વર્ષથી વધુની ઉંમરના ગંભીર બીમારીથી પીડાતા અને ૬૦ વર્ષથી વધુની ઉંમરના નાગરિકોને રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે.

ICMR મુજબ ૨૩,૩૫,૬૫,૧૧૯ લોકોના કોરોના ટેસ્ટ માટે ૨૦ માર્ચ સુધીમાં સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૧,૩૩,૬૦૨ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર સરકારમાં ટૂરિઝ્મ અને પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરે કોરોના સંક્રમિત થઈ ગયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના દીકરા આદિત્ય ઠાકરેએ શનિવારે સાંજે ટ્વીટ કરી જણાવ્યું કે કોવિડના કેટલાક લક્ષણ દેખાવા પર મેં મારો ટેસ્ટ કરાવ્યો હતો, આજે તેનો રિપોર્ટ આવ્યો છે. હું કોરોના પોઝિટિવ મળી આવ્યો છું, મારા સંપર્કમાં આવ્યા હોય તેવા લોકોને કોરોનાનો ટેસ્ટ કરાવી લેવા અપીલ કરું છું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરપાલિકામાં કારોબારીની રચના


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકામાં સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર મહિસાગર જિલ્લાના પ્રમુખ દશરથભાઈ બારીયા આ નગરપાલિકાના પ્રમુખ સુનિતાબેન ખાંટ, ઉપપ્રમુખ હિતેશભાઈ ઉપાધ્યાય આજરોજ નગરપાલિકામાં તમામ સભ્યોને હાજરીમાં કારોબારીની રચના કરવામાં આવેલી હતી. છેલ્લા છ માસથી કારોબારીની રચના માટેની અને કમિટી રચવા માટે નગરપાલિકામાં અને સંતરામપુરમાં ચૂંટાયેલા સભ્યો ધમપછાડા મૂકી રાખેલા હતા, પરંતુ આજરોજ કારોબારની રચના કરવામાં આવેલી હતી અને કેટલાક સભ્યોને અલગ-અલગ હોદ્દાઓ અને ખાતા ફાળવણી કરી હતી. જેમાં કારોબારી સમિતિના અદયક્ષ તરીકે કિરણબેન કલ્પેશભાઈ મહંત, બાંધકામ સમિતિના ચેરમેન અંજનાબેન જશવંતભાઈ, ખજુરી દીવાબત્તી સમિતિ ચેરમેન દિલીપભાઈ ગુલાબભાઈ બારીયા, આરોગ્ય સમિતિ ચેરમેન સંદીપ સી અશોકસિંહ પરમાર, સામાજિક ન્યાય સમિતિ લીલાબેન ગોવિંદભાઈ ડામોર, મહેકમ સમિતિ નવીનચંદ્ર વિરજીભાઈ મુડવાડા, યાંત્રિક સમિતિ વિપુલકુમાર પ્રકાશભાઈ ડોડીયા, વોટર વર્કસ લતાબેન સુરેશભાઈ ભગોરા, યાત્રાળુ સમિતિ ઉર્મિલાબેન રમણભાઈ મચ્છર અને ટાઉન પ્લાનીંગ સમિતિ દિલીપભાઈ બધા મિલન શાહ આજે સામાન્ય સભામાં સભ્યને અલગ-અલગ ખાતાની ફાળવણી કરી હતી, પરંતુ કેટલાક સભ્યોને ખાતાની અને હોદ્દાની ફાળવણી ન કરતા કભી ખુશી કભી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા છ માસથી કારોબારી અને ખાતાઓની ફાળવણી ના કરતા વારંવાર નગરમાં ચાલતી હતી. ચર્ચા ચાલતી હતી કે, વિકાસ થતો નથી. હવે સંતરામપુર નગરમાં ખાતાની ફાળવણી અને હોદ્દાની આપ્યા પછી હવે સંતરામપુર નગરમાં કેટલા પ્રજાનો કામ થશે અને કેટલો વિકાસ થશે એ તો સમય બતાવશે આ રીતે સંતરામપુરમાં પ્રમુખનું માળખું ઉભું કરવામાં આવેલું છે. હા વિકાસ કે વાતો પ્રજા માટે સવાલ ઉભો થયો છે.

## સંતરામપુર તાલુકા ટીચર સોસાયટીમાં જિલ્લા રજીસ્ટારે આઠ સભ્યોની અરજી નામંજૂર : સોસાયટી મંડળીના તરફેણમાં નિર્ણય



સંતરામપુર, સંતરામપુર ટીચર સોસાયટીના ચેરમેન શાંતિલાલ સહાની જિલ્લા રજીસ્ટાર માંથી હુકમ કરવામાં આવ્યો હતો અને તેમના તરફેણમાં જજમેન્ટ આપવામાં આવેલું હતું. સોસાયટી વિરૂદ્ધ અને મનને નુકશાન પહોંચાડનાર આઠ સભાસદોને સભ્ય પદેથી દૂર કરવાનો હુકમ કરેલો હતો. અપીલ કરતાની અપીલની વિગતો તથા સામાવાળા તરફ રજૂ થયેલા રેકોર્ડ ચકાસતા સહકારી કાયદાની કલમ ૩૬ એક મુજબ જે કાર્ય મંડળીના યોગ્ય કામ કાજ માટે અહિતકારી હોય તે અહિત કાર્ય હોય તે તે કાર્યો માટે ગમે તે સભ્યો ને મંડળી થી દૂર કરી શકશે તે જોગવાઈ મુજબ અપીલ કરતા મંડળીએ દૂર કરવામાં આવેલી સભાસદોનો વર્તન મંડળીના કામકાજ માટે અહિતકારી હોવાથી તેમને સભાસદ પદ થી દૂર કરતા પહેલા રજૂઆત કરવાની તક આપી ત્યારબાદ સાધારણ સભા એ ઠરાવ કરેલ છે. આતી સામાવાળા એક નો હુકમ હશે હસ્ત તવચી પાત્ર જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવી છે કે હુકમ પ્રમાણે અપીલ અરજી નંબર ૪૮ ૨૦ ગાહય રાખવામાં આવે છે કે સામાવાળા જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીના મહીસાગર તારીખ ૨ ૯ ૨૦ નો હુકમ નંબર ઝીરો એક ક એક મુજબ ૮૯૮ થી ૯૦૬ ૨૦૨૦ આથી કરવામાં આવે છે. મહિસાગર જિલ્લા રજિસ્ટ્રારે હુકમ જાહેર કર્યો હતો. સન તાલુકા ટીચર સોસાયટી ના આઠ સભ્યો તેના વિરૂદ્ધ ગયા હતા. સોસાયટીમાં સભ્ય પદથી દૂર કરવાનો હુકમ કર્યો છે આઠ સભ્યોની તમામ અપીલ અને અરજી રદ કરેલી છે. આખરે સન તાલુકા ટીચર સોસાયટીની તરફેણમાં ન્યાય મળ્યો હતો.

# મહીસાગર જિલ્લામાં ૧૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૨૧૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૫ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૨૧૪ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૯૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૪૧૪૪૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, ૨૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૪૨ દર્દી હોમ આઈસોલેશન અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૧ દર્દીઓ સ્ટેબલ અને ૧૪ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દી વેન્ટીલેટર પર છે.

## મહીસાગર જિલ્લા તંત્ર દ્વારા કોરોના રસીકરણ અંગે નવતર અભિગમ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોનાના સંક્રમણને ફેલાતું અટકાવવા તેમજ વેક્સીનેશન અંગે જનજાગરણ અભિયાન અંતર્ગત સરકાર દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેના ભાગરૂપે મહીસાગર જિલ્લા તંત્ર દ્વારા સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન દ્વારા ભવાઈ અને નાટ્યવેશ દ્વારા અલગ અલગ સ્થાનોએ લોકોમાં કોરોનાથી રક્ષણ માટે સાવચેતીના પગલાંઓ વિશે તેમજ કોરોના વેક્સીન અંગે લોકજાગૃતિના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

મહીસાગર જિલ્લા માહિતી કચેરી દ્વારા કોરોના રસીકરણ અંગે ભ્રામિક માન્યતાઓ દુર થાય તેવા ઉમદા હેતુસર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લોક કલાકારો દ્વારા પંરપરાગત માધ્યમથી કથા કિર્તન દ્વારા લોક જાગૃતિના પ્રયત્ન કરવામાં આવ્યા છે. પંરપરાગત માધ્યમના કલાકારો તેમની આગવી લોક બોલી અને લોક શૈલીમાં મનોરંજન સાથે ગ્રામ્ય વિસ્તારોમાં નાગરીકોને કોરોના થી રક્ષણ માટે દવાની સાથે સાથે માસ્ક અને સામાજીક અંતરની કડકાઈ પણ રાખવા સમજણ આપી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા લુણાવાડા નગર સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરી લોકોમાં કોરોના અંગેની જન જાગૃતિ ફેલાવવા લોક કલાકારો દ્વારા ભવાઈ, ગીત-સંગીત દ્વારા સરળ ભાષામાં રસપ્રદ અને મનોરંજક રીતે હાથને સ્વચ્છ રાખવા તેમજ, સામાજિક અંતર અને માસ્કનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સાથે સાથે કોરોના રસીકરણ અંગે પણ લોકોને સમજાવ્યા હતા.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા કલસ્ટરની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં વિશ્વ ચકલી દિવસ ઉજવણી કરવામાં આવી. આજના પ્રસંગે પક્ષીઓમાં ચકલી ની જાતી લુપ્ત થતી હોવાથી ચકલીની પ્રજાતિને બચાવવા અને સાચવવાના હેતુથી માટીના અને લાકડાના પક્ષીઘર બનાવીને શાળામાં વિવિધ જગ્યાએ ચકલીને ફાવે તેવી જગ્યાએ ચકલી ઘર મુકવામાં આવ્યા. આજના પ્રસંગે શાળાનો સમગ્ર સ્ટાફ તથા ધોરણ ૬ થી ૮ ના બાળકો અને ખાસ કરીને એસએમસી અદયક્ષ અને તમામ સભ્યો ઉપસ્થિત રહયા હતા.

## મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત મહિસાગરના બાંધકામ શ્રમિકોને આર્થીક સહાય માટે છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૧

લુણાવાડા, કોવિડ-૧૯ હેઠળ ગુજરાત મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા વિભાગ ના ઠરાવ ક્રમાંકઃ-પીડીએસ/૧૦૨૦૨૦/૨૪૮/ક-૧ તા.૧૮/૦૪/૨૦૨૦થી લાભાર્થીના આધારલીંક બેંક ખાતામાં PFMS દ્વારા રૂ. ૧૦૦૦/- ની આર્થીક સહાય ચુકવણી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે કરવાનું ઠરાવેલ છે. આ ઠરાવમાં ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ કુલ ૬.૩૮ લાખ બાંધકામ શ્રમિકોને પણ આવરી લેવામાં આવેલ છે. જે બાંધકામ શ્રમિકોના આધાર લીંક બેંક ખાતામાં રૂ. ૧૦૦૦/- ની સહાય PFMS દ્વારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ચૂકવાયેલ છે, જેની યાદી બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. જયારે બાકી રહેતા નોંધાયેલ બાંધકામ શ્રમિકોના ડેટા ઈન-વેલીડ/અધૂરા હોય જેવા કે આધાર નંબર ખોટા હોય, બેંકની વિગત અપૂરતી હોય, બેંક આધાર લીંક ન હોય, ખાતુ બેંક ખાતું બંધ હોય જેવા કારણોસર નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આર્થીક સહાય તેઓના બેંક ખાતામાં જમા કરાવી શકાતી નથી. આમ જે નોંધાયેલ (લાલ બુક ધરાવતા) બાંધકામ શ્રમિક આર્થીક સહાયથી વંચિત છે. તેવા બાંધકામ શ્રમિકો તેમની વિગતો બોર્ડના પોર્ટલ https://misbocwwb.gujarat.gov.in/registrationform પર રજુ કરી શકાશે. બાંધકામ શ્રમિક પોતાના રેડ બુક(ઓળખ પત્ર) નંબરને આધારે રજીસ્ટ્રેશન ફોર્મ ભરી તેઓના ડેટા ઓનલાઈન સબમીટ કરાવે તે ઈચ્છનીય છે. બોર્ડ/NIC દ્વારા તેઓની વિગતો ચકાસી PFMS દ્વારા આર્થીક સહાયની ચુકવણી નાગરિક પુરવઠા વિભાગ કરી શકશે તો સત્વરે બાકી રહી ગયેલ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને તેમની વિગત તા.૩૧/૦૩/૨૦૨૧ પહેલા સબમિટ કરવા જાહેર વિનંતી છે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ તેની પણ નોંધ લેવા જિલ્લા નિરીક્ષક ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, મહીસાગરની અખબારીયાદીમાં જણાવાયું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૨-૦૩-૨૦૨૧, સોમવાર, ફાગણ સુદ-૮, સૂર્યોદય-૬-૨૩, સૂર્યાસ્ત-૬-૩૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## કોંગ્રેસનો ખજાનો ખાલી થઈ ગયો તેથી તેને ગમે તે ભોગે સત્તા જોઈએ છે
# કોંગ્રેસ એટલે હિંસા-અલગાવવાદ-ભ્રષ્ટાચાર-ગોટાળાની ગેરંટીઃ મોદી



ગૌહાટી, આસામની વિધાનસભા ચૂંટણી માટે ચાલી રહેલા ચૂંટણી પ્રચાર વચ્ચે આજે પીએમ મોદીએ એક ચૂંટણી સભાને સંબોધન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે, આસામમાં બીજી વખત ભાજપની સરકાર બની રહી છે તે નક્કી છે.ફરી વખત આસામમાં અને કેન્દ્રમાં ભાજપ એમ ડબલ એન્જિનની સરકાર બનવા જઈ રહી છે.

અહીંના લોકોએ ભાજપને જે જવાબદારી આપી હતી તેને પૂરી કરવા માટે અમે તન તોડ મહેનત કરી છે.અમારી સરકારે બ્રહ્મપુત્રા નદી પર પુલો બનાવ્યા છે અને જે અધુરા પુલ હતા તેનુ નિર્માણ પુરુ કર્યુ છે.આસામમાં પર્યાવરણને સાચવવામાં પણ સરકારે ધ્યાન આપ્યુ છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસના રાજમાં સવાલ હતો કે, અશાંતિમાં ઘેરાયેલા આસામમાં શાંતિ આવશે કે નહી પણ ભાજપની સરકારે અહીંયા શાંતિ અને સ્થિરતા આપી છે. આસામ દર્શન હેઠળ રાજયમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આસામ એક બહુ મોટી શક્તિ છે અને આમ છતા કોંગ્રેસે તે શક્તિનો ઉપયોગ કર્યો નથી. આજે રાજયમાં અને કેન્દ્રમાં ભાજપની સરકાર હોવાથી રાજયમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે પણ કોંગ્રેસના નેતાઓને ખાલી સત્તા સાથે મતલબ છે અને કોંગ્રેસને કોઈ પણ ભોગે સત્તા જોઈએ છે.હકીકત એ છે કે, કોંગ્રેસનો ખજાનો ખાલી થઈ ગયો છે અને તેને ભરવા માટે તેને સત્તા જોઈએ છે.

તેમણે કહ્યુ હતુ કે, પચાસ વર્ષ સુધી રાજ્યમાં શાસન કરનારાઓ આજે આસામને પાંચ ગેરંટી આપીર હ્યા છે પણ આસામના લોકો તેમની રગે રગ જાણે છે.કોંગ્રેસને ખોટા વાયદા કરવાની આદત પડી ગઈ છે.કોંગ્રેસનો અર્થ જ બોગસ વાયદા, અસ્થિરતા, બોમ્બ અ્ને બંદુકનુ રાજ, હિંસા અને અલગાવવાદ થાય છે.કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર અને ગોટાળાઓની ગેરંટી છે. તેમણે કહ્યુ હતુ કે, સત્તા માટે કોંગ્રેસ કોઈ પણ પાર્ટી સાથે સમાધાન કરવા માટે તૈયાર છે.એક રાજ્યમાં તેઓ ડાબેરીઓને ગાળો આપ છે અ્ને એક રાજ્યમાં ચૂંટણી લડવા ડાબેરીઓ સાથે જોડાણ કરે છે.માટે જ હવે દેશના લોકોને કોંગ્રેસ પર ભરોસો નથી રહ્યો.

# મમતા દીદી પોતાના ભત્રીજાને મુખ્યમંત્રી બનાવવા માંગે છેઃ શાહ



પૂર્વી મેદિનીપુર, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ પર નિશાન સાધતા રવિવારે કહ્યું કે, રાજ્યની મુખ્યમંત્રી મમતા બેનર્જીનો ઉદ્દેશ્ય ચૂંટણી જીતીને પોતાના ભત્રીજા અભિષેક બેનર્જીને મુખ્યમંત્રી બનાવવાનો છે જ્યારે બીજેપીનું લક્ષ્ય રાજ્યનું જૂનું ગૌરવ પરત લાવવું અને 'સોનાર બાંગ્લા'નું નિર્માણ કરવાનું છે. અમિત શાહે ચૂંટણી રેલીને સંબોધિત કરતાં કહ્યું કે, રાજ્યમાં બીજેપીની સરકાર રચાયા બાદ તેઓ રાજ્યના કર્મચારીઓ માટે સાતમું પગાર પંચ લાગુ કરશે, ઉપરાંત એવી નીતિ લાવશે જેથી રોજગાર માટે યુવાઓને બહાર જવાનું વલણ નહીં રાખવું પડે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, આપે અનેક વર્ષો સુધી ડાબેરીઓની સરકારને ચૂંટી અને પછી તમે દીદીને સરકાર સોંપી. પરંતુ તેમાંથી કોઈએ બંગાળનું સારું નથી કર્યું. અહીં દરેક કામ માટે કટમની આપવી પડે છે, તોડબાજી થઈ રહી છે. તેઓએ કહ્યું કે ડાબેરી શાસનથી કંટાળીને રાજ્યની જનતાએ ખૂબ જ આશાઓ સાથે તૃણમૂલ કોંગ્રેસને પસંદ કરી હતી કારણ કે દીદીએ પરિવર્તનનો વાયદો કર્યો હતો. અમિત શાહે લોકોને પૂછ્યું કે શું છેલ્લા ૧૦ વર્ષમાં અહીં પરિવર્તન આવ્યું છે? તેઓએ કહ્યું કે, રાજ્યમાં ઘૂસણખોરી સતત ચાલુ જ છે. કોઈ ફેરફાર નથી આવ્યો. મમતા દીદી શું બંગાળને ઘૂસણખોરીથી મુક્તિ અપાવી શકે છે? નહીં અપાવી શકે...અમારી સરકાર બની તો અમે રાજ્યને ઘૂસણખોરોથી મુક્ત કરાવીશું. તેઓએ વધુમાં કહ્યું કે, અમે નક્કી કર્યું છે કે એવી સરકાર લાવીશું, જેના કારણે બંગાળના યુવાઓએ બંગાળની બહાર રોજગાર માટે નહીં જવું પડે. આ જે તુષ્ટિકરણ અને ઘૂસણખોરી થઈ રહી છે, તેને પણ રોકવાનું કામ બીજેપીની સરકાર કરશે.

## આગામી લોકસભા ચૂંટણી સુધીમાં કોંગ્રેસ રાહુલ, સોનિયા, પ્રિયંકા ગાંધી જ બચ્યા હશે

ન્યુ દિલ્હી, મોદી સરકારના પૂર્વ મંત્રી અને ભાજપના ટોચના નેતા ઉમા ભારતીએ કોંગ્રેસ પર પ્રહારો કરીને કહ્યુ છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી આવશે ત્યાં સુધીમાં કોંગ્રેસમાં માત્ર રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધી જ બચ્યા હશે. તેમણે કહ્યુ હતુ કે, કોંગ્રેસના બાકીના નેતા કાં તો ઘરે બેસી ગયા હશે અથવા તો જે લાયકાત ધરાવતા હશે તે ભાજપમાં આવી ગયા હશે. મધ્યપ્રદેશમાં કમલનાથ પોતાની સરકારને સાચવી શક્યા નહોતા. મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર કમલનાથ કે દિગ્વિજયસિંહના કારણે નહોતી બની.લોકોએ જ્યોરાદિત્ય સિંધિયાના નામે મત આપ્યા હતા.કોંગ્રેસે પોતાનો આ હીરો ગુમાવી દીધો છે. ઉમા ભારતીએ રાહુલ ગાંધીએ સલાહ આપતા કહ્યુ હતુ કે, રાહુલ ગાંધીએ શિસ્ત શીખવા માટે આરએસએસમાં જવુ જોઈએ.હું પશ્ચિમ બંગાળમાં પણ ચૂંટણી પ્રચાર માટે જઈશ.અહીંયા પણ ભાજપની સરકાર બનશે તે નિશ્ચિત છે. મમતા બેનરજીની વિદાય થશે.

## દૈનિક રાશીફળ
તા.૨૨.૦૩.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.) :- સત્તાકીય બાબતોમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્સન મળી રહે. અભ્યાસમાં પ્રગતિ થાય.
વૃષભ (બ.વ.ઉ.) :- સ્ત્રીવર્ગને સંતાન સંબંધી ચિંતા. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બને. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
મિથુન (ક.છ.ઘ.) :- નોકરિયાતવર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. બદલી-બઢતીની શક્યતા. માનસિક ચિંતા હળવી બને.
કર્ક (ડ.હ.) :- ધર્મ-આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધે. ધાર્મિક પ્રવાસ થાય. એકંદરે સમય શુભ ફળદાયી નિવડે. નોકરીમાં શુભ સમાચાર મળે.
સિંહ (મ.ટ.) :- જમીન-વાહન મકાનના યોગ. નાણાંકીય સ્થિતિ સુધરે. આવકનું પ્રમાણ જળવાઈ રહે.
કન્યા (પ.ઠ.ણ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી મુશ્કેલીમાં રાહત થાય. કુટુંબિક સુમેળભર્યું બને. અભ્યાસમાં પ્રગતિ થાય.
તુલા (ર.ત.) :- પરદેશથી શુભ સમાચાર મળે. આરોગ્ય જળવાઈ રહે. દિવસ આનંદમય પસાર થાય. અભાયાસમાં પ્રગતિ.
વૃશ્ચિક (ન.ય.) :- વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બને. આવકનું પ્રમાણ જળવાઈ રહે. ચિંતાનું વાતાવરણ હળવું થાય.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- કોર્ટ સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતથી લાભ થાય. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું રહે.
મકર (ખ.જ.) :- સંતાન સંબંધી વિવાહી પ્રશ્નો ઉકેલાય. યાત્રા-પ્રવાસ યોગ. માનસિક ચિંતા હળવી બને.
કુંભ (ગ.શ.સ.) :- આરોગ્યની સારસંભાળ રાખવી. આવકનું પ્રમાણ રહે. માનસિક ચિંતા વધતી જણાય.
મીન (દ.ચ.ઝ.) :- દિવસ આનંદમય રહે. એકંદરે સમય શુભ ફળદાયી રહે. અભ્યાસમાં પ્રગતિ. વાહન ખરીદીના યોગ.

## માનવતાનું ઉદાહરણ : દાહોદની ન્યુ હોપ હોસ્પિટલમાં દર્દીનું બીલ માફ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, આદિવાસી બાહુલ્ય ધરાવતાં નાનકડા એવા દાહોદ જિલ્લામાં અનેક નાની મોટી હોસ્પિટલો આવેલી છે. આ તમામ હોસ્પિટલોમાં દાહોદ જિલ્લા બહારથી પણ અનેક દર્દીઓ સારવાર અર્થે આવતાં હોય છે. ત્યારે દાહોદને અડીને આવેલ સરહદી રાજ્ય એવા રાજસ્નના બાંસવાડાના એક નાનકડા ગામમાંથી આવતા એક ગરીબ દંપતિને દાહોદની ન્યુ હોપ હોસ્પિટલ ખાતે આવ્યું હતું. જ્યા મહિલાની પ્રસુતિ બાદ બાળકને જન્મ આપ્યાં બાદ લગભગ બે માસ સુધી આ હોસ્પિટલમાં સારવાર કરાવી હતી. આ સમયગાળા દરમ્યાન સારવારનો ખર્ચ દોઢ લાખની આસપાસ પહોંચી ગયો હતો. ત્યારે આ બીલના નાણાં ચુકવવા માટે આ દંપતિએ પોતાનું એકમાત્ર ખેતર વેંચી હોસ્પિટલનું બીલ ચુકવવાનો નિર્ણય કરતાં હતા કે, આ બાબતની જાણ આ હોસ્પિટલના તબીબને થતાં તબીબે માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડતાં આ દંપતિના બીલની સંપુર્ણ રકમ માફ કરી દેતાં દંપતિના મોંઢે સ્મીત ફેલાઈ ગયું હતું. તબીબ સહિત આ હોસ્પિટલના સ્ટાફ મિત્રોનો આભાર માની દંપતિ પોતાના નવજાત પુત્રને લઈ વતન જવા રવાના થયાં હતાં.

દાહોદ જિલ્લાને અડીને આવેલ રાજસ્થાનના સરહદી વિસ્તાર એવા બાંસવાડાના નાનકડા ગામ ખેરડાબરા ગામે રહેતાં કાંતાબેન અને તેમના પતિ થાવચંદ ચરપોટને પોતાના લગ્ન જીવનના ૨૦ વર્ષના દાંપત્ય જીવન દરમ્યાન ૩ વખત કાન્તાબેનને ૩ બાળકોનો જન્મ થાય તે પહેલાં જ ત્રણેય બાળકોને ગુમાવી ચુક્યાં હતાં. આ બાદ સંતાનની પ્રાપ્તની મહેચ્છા સાથે પુનઃ આ દંપતિ દાહોદ શહેરમાં આવેલ ન્યુ હોપ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવ્યું હતું. આ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મહિલાને ગર્ભ રહ્યો હતો. સંતાનની પ્રાપ્તિ સાથે દંપતિએ સારવાર શરૂ કરાવી હતી અને આખરે તારીખ ૧૩.૦૩.૨૦૨૧ના રોજ આ મહિલાએ પુત્રને જન્મ આપ્યો હતો. આ મહિલાની ડિલીવરી સિઝેરીયનથી કરવામાં આવી હતી. સિઝેરીયન ઓપરેશન સહિત લગભગ બે મહિના આ હોસ્પિટલમાં રહેવા સાથે સાથે સમયે સમયે લોહી, હાઈ રિસ્ક હોઈ તેની સારવાર વિગેરેનું બીલ રૂા.૧,૪૦,૦૦૦ ના આસપાસ થયું હતું. આ દંપતિએ ગત બે મહિના દરમ્યાન માત્ર બહારથી જે દવા મંગાવાતી તેના જ રૂપીયા ચુંકવ્યાં હતાં. બાદમાં બાકીની આ દોઢ લાખ જેટલી રકમનું બીલ ચુકવવા આ દંપતિએ એકમાત્ર પોતાના આધાર સમા ખેતરને વેચીને બીલ ચુકવવાની તૈયારી કરી હતી. આ બાબતની જાણ આ ન્યુ હોપ હોસ્પિટલના તબીબને થતાં તબીબ દ્વારા આ આખેઆખું બીલ માફ કરી દીધું હતું. બીલ માફ થતાં દંપતિના આંખમાંથી આંસુ પણ છલકાઈ ગયાં હતાં. આ હોસ્પિટલના તબીબનો માનવ સેવા સહિત તેઓની આ કર્મનિષ્ઠ કામગીરીને વધાવી લઈ ચહેરા પર ખુશ ખુશાલ માહોલ વચ્ચે આ દંપતિ પોતાના પુત્રને લઈ વતન જવા રવાના થયું હતું.

## દાહોદ જિલ્લામાં ૧૧૫૮૭ કોરોના ફ્ન્ટલાઈન વોરિયર્સે લીધો રસીનો બીજો ડોઝ

દાહોદ, દાહોદ જિલ્લામાં કોરોના વાયરસની અસરને રોકવા માટે સતત મહેનત કરી રહેલા વોરિયર્સને રસીકરણમાં પ્રાથમિક્તા આપવામાં આવી રહી છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં આવા ૧૧૫૮૭ કોરોના વોરિયર્સએ રસીનો બીજો ડોઝ લઈ ચૂક્યા છે. બાકીના લોકોને રસી આપવાની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા શરૂ છે.

વિભાગ પ્રમાણે જોઈએ તો શિક્ષણ વિભાગના ૮૨૭૮, પોલીસના ૨૧૯૮, નગરપાલિકાના ૯૦, મહેસુલના ૪૦૭, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ૫૮૬ તથા પશુપાલન વિભાગના ૨૦ કર્મચારીઓએ કોરોના રસીનો બીજો ડોઝ લીધો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં આ કામગીરી ૭૪ ટકા જેટલી થઈ છે. કોરોનાની રસી લીધા બાદ એક પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારની આડ અસર થઈ નથી. આ રસી બિલ્કુલ સુરક્ષિત છે અને નિયત માપદંડોમાં આવતા હોય તેવા વ્યકિતએ કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા તુરંત રસી મૂકાવવી જોઈએ.

## દાહોદના કઠલા ગામે હાઈવે ઉપર ટેલર અને ટ્રેકટર વચ્ચે અકસ્માત થતાં એકનું મોત

દાહોદ, દાહોદ જિલ્લામાં ફરીવાર વાહન ચાલકોની બેદરકારીના કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતના બનેલા બે બનાવોમાં બે વ્યકિતના મોત નીપજ્યાં હતા જયારે એક વ્યકિતને ઈજાઓ પહોંચતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

માર્ગ અકસ્માતનો પહેલો બનાવ દાહોદ તાલુકાના કઠલા ગામે ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે ખાતે બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેલરના ચાલકે પોતાના કબ્જાનુ ટ્રેલર પુરઝડપે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલા ટ્રેકટરને અડફેટે લેતા ટ્રેકટર પલ્ટી ખાઈ ગયુ હતુ. જેને પગલે ટ્રેકટરના ચાલક બંસીલાલ હરકારામ બેનીવાલ (રહે.મધ્યપ્રદેશ)ની ઉપર ટ્રેકટરનુ આગલુ વ્હિલ ફરી વળતા તેઓનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. આ સંબંધે મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં મહારાજપુર ગામે રહેતા ગોવિંદસિંહ ચંદનસિંહ પરિહાર દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જયારે માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે બનવા પામ્યો હતો. જેમાં પપ્પુભાઈ પારૂભાઈ ભાભોર (રહે.ચીલાકોટા, ભુસ્કા ફળિયુ, તા.લીમખેડા, જિ.દાહોદ) પોતાના કબ્જાની બોલેરો ગાડી પુરઝડપે હંકારી લાવી તે સમયે ત્યાંથી બાઈક લઈ પસાર થઈ રહેલા લીમખેડાના દાભડા ગામે સ્ટેશન ફળિયામાં રહેતા મુકેશભાઈની બાઈકને અડફેટમાં લઈ ટકકર મારતા મુકેશભાઈ અને પાછળ બેઠેલ જશવંતભાઈ જમીન પર ફંગોળાયા હતા. બંનેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાતા મુકેશભાઈની ગંભીર ઈજાઓને પગલે તેઓનુ મોત નીપજયું હતુ. જયારે જશવંતભાઈ સારવાર હેઠળ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. આ સંબંધે લીમખેડા તાલુકાના દાભડા ગામે સ્ટેશન ફળિયામાં રહેતા અર્જુનભાઈ રામસિંગભાઈ બીલવાળ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઝાલોદમાં પતિના અસહ્ય ત્રાસથી કંટાળેલ પત્નિએ ઝેરી દવા પી જતાં મોત

દાહોદ, મધ્યપ્રદેશના ઈન્દૌરના કૈલાશપુરી બંગાલી ચોકડી પાસે રહેતા હરિશંકર રાધાકૃષ્ણ શર્માની છોકરી તૃપ્તિબેનના લગ્ન ઈન્દૌર ખાતે રહેતા ધનેશભાઈ અનુપભાઈ શર્મા સાથે ત્રણેક વર્ષ અગાઉ થયા હતા. આણંદમાં પ્રાઈવેટ બેંકમાં ધનેશકુમાર નોકરી માટે ગયા હતા. અને છ માસ જેવી નોકરી કરી પરત ઈન્દૌર આવી પત્નિ તૃપ્તિબેન તથા માતા આશાબેન અનુપકુમાર તથા બહેન તૃપ્તિબેન પારસકુમાર તેમજ બનેવી પારસકુમાર ભવાનીશંકર સાથે રહેતા હતા. આ દરમિયાન ધનેશભાઈ કોઈ ધંધો નોકરી નહિ કરતા હોવાથી પતિ સહિત તમામ ઘરના સભ્યો ભેગા મળી તું તારા બાપના ઘરેથી પૈસા લઈ આવ તેવુ કહી તૃપ્તિબેન પાસે અવાર નવાર પૈસાની માંગણી કરી મેણાટોણા મારતા હતા. ધનેશકુમારે ઈન્દૌરમાં જમીનનો પ્લોટ લીધો હોઈ તેના રૂપિયા માટે તૃપ્તિબેનને પિતાના ઘરેથી રૂપિયા લાવવાનુ કહી માનસિક ત્રાસ આપી પરેશાન કરતા પિતાને જાણ કરતા એપ્રિલ-૨૦૧૯માં જમાઈના ખાતામાં ૩,૫૦,૦૦૦રૂ.ખાતામાં જમાં કરાવ્યા હતા. ત્યારબાદ ધનેશકુમાર ઝાલોદ ખાતે બજાજ ફાયનાન્સમાં બ્રાંચ મેનેજર તરીકે જોઈન્ટ નોકરી કરતા તે ઝાલોદ રહેવા આવી ગયો હતો. અને તેની પત્નિ તૃપ્તિબેન ઈન્દૌર ખાતે સાસુ, નણંદ તથા નણદોઈ સાથે રહેતા તેઓએ શારીરિક-માનસિક ત્રાસ આપતા તે પતિ પાસે ઝાલોદ રહેવા આવી ગઈ હતી. આ દરમિયાન પતિ ધનેશભાઈએ પણ રૂપિયા માંગે અવાર નવાર શારીરિક-માનસિક ત્રાસથી ત્રાસી જતાં તૃપ્તિબેને ઝાલોદમાં ભાડાના મકાનમાં રેટોલ નામની દવા પી લેતા ઝાલોદ દવાખાને લઈ ગયા હતા. જયાં સારૂ થઈ ગયા બાદ પણ તાવ માથુ દુઃખતા દાહોદ અને ત્યાંથી રિફર કરતા વડોદરા સારવાર માટે લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનુ મોત નીપજયું હતુ. આ સંદર્ભે તૃપ્તિબેનના પિતાએ જમાઈ ધનેશભાઈ અનુપભાઈ શર્મા, આશાબેન અનુપભાઈ શર્મા, તૃપ્તિબેન પારસકુમાર શર્મા તથા પારસકુમાર રવિશંકર ભવાનીશંકર શર્મા વિરુદ્ધ નવ મહિના બાદ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## ઉદ્ધવ સરકાર પર ભાજપનું નિશાન

## મહારાષ્ટ્રના ગૃહ મંત્રીનું લક્ષ્ય ૧૦૦ કરોડ હતુ, તો બાકીના મંત્રીઓનું કેટલું હતુ?



મુંબઈ, મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે લખેલા લેટર બોમ્બ બાદ હવે મહારાષ્ટ્રમાં ઉધ્ધવ ઠાકરેની સરકાર પર ભાજપે એક પછી એક હુમલા શરુ કર્યા છે.

આખા દેશમાં ચકચાર મચાવનાર આ મામલામાં પરમબીર સિંહે પોતાના પત્રમાં ખુલાસો કર્યો હતો કે, મને ગૃહ મંત્રી અનિલ દેશમુખે મુંબઈમાંથી દર મહિને ૧૦૦ કરોડ ઉઘરાવવા માટે ટાર્ગેટ આપ્યો હતો.આ સંદર્ભમાં આજે કેન્દ્રીય મંત્રી રવિ શંકર પ્રસાદે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યુ હતુ કે, આ ભ્રષ્ટાચાર નથી બલ્કે ઉઘાડી લૂંટ છે.ખંડણી માંગવી એક અપરાધ છે અને આ મામલામાં જો શરદ પવારને બ્રિફિંગ કરાઈ રહ્યુ છે ત્યારે સવાલ ઉભો થાય છે કે, સરકારમાં તો શરદ પવાર છે નહીં તો તેમને કેમ જાણકાકરી આપવામાં આવી રહી છે અને એક સવાલ એ પણ છે કે, શરદ પવારે પોતાના સ્તરે શું કાર્યવાહી કરી..આ અપરાધને રોકવા માટે તેમણે કોઈ પગલા ભર્યા હતા ખરા?

તેમણે કહ્યુ તહુ કે, શરદ પવારની ચૂપ્પી અને ઉધ્ધ ઠાકરેની શાંતિ તથા મુંબઈ પોલીસના સસ્પેન્ડ અધિકારી સચિન વાજેનો બચાવ કરવાની હરકતે ઘણા સવાલો ઉભા કર્યા છે.સચિન વાજે એક આસિસટન્ટ સબ ઈન્સ્પેકટર હતો અને તેને ક્રાઈમ બ્રાન્ચનો ચાર્જ અપાયો હતો.એક તરફ સચિન વાજેને મુખ્યમંત્રી ઠાકરે બચાવે છે અને બીજી તરફ હોમ મિનિસ્ટર કહે છે કે, મને ૧૦૦ કરોડ રુપિયા ઉઘરાવીને આપો.આ બહુ ગંભીર મામલો છે.તેની ગંભીર તપાસ જરુરી છે.કારણકે તેમાં શરદ પવાર અને મુંબઈ પોલીસની ભૂમિકા છતી થશે.

પ્રસાદે કહ્યુ હતુ કે, એક સચિન વાજે પાસે આવા બીજા કેટલા કામ કરાવવામાં આવ્યા હતા...એક ઈન્સ્પેકટરને મુખ્યમંત્રી બચાવે તેવુ દેશમાં મેં બીજે ક્યાંય જોયુ નથી.આખરે વાજેને બચાવવામાં શું મજબૂરી છે.વાજેના પેટમાં એવા કયા રહસ્યો છુપાયેલા છે.આ વાતને સમજવી પડશે.

પ્રસાદે સવાલ ઉઠાવ્યો હતો કે, અનિલ દેશમુખ મહિને ૧૦૦ કરોડ પોતાના માટે ઉઘરાવી રહ્યા હતા કે પોતાની પાર્ટી એનસીપી માટે કે પછી ઠાકરે સરકાર માટે ? આનો જવાબ શરદ પવાર અને ઉધ્ધવ ઠાકરેએ આપવો પડશે.ઠાકરે સાહેબ જાહેર કરે કે આખા મહારાષ્ટ્રનો શું ટાર્ગેટ હતો.બીજા મંત્રીઓએ પણ કેટલા ટાર્ગેટ નક્કી કર્યા હતા.આ ઉઘાડી લૂંટ છે.

તેમણે કહ્યુ હતુ કે, જય મહારાષ્ટ્ર શબ્દ આપનારા બાલાસાહેબ ઠાકરેના પુત્ર ઉધ્ધવ ઠાકરેએ બેઈમાનોની સરકાર બનાવીને પોતાના પિતાની ગરીમાને ઝાટકો આપ્યો છે. ઉધ્ધવ ઠાકરેની સરકાર સત્તા પર રહેવાનો અધિકાર ગુમાવી ચુકી છે.

## પહેલા આતંકી બોમ્બ રાખતા હતા આજે પોલીસ પાસે રખાવાય છેઃ રાજ ઠાકરે

મુંબઈ, મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે ફોડેલા લેટર બોમ્બ બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ધરતીકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે.

દરમિયાન ભાજપની સાથે સાથે હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ પણ સરકાર પર હુમલો કરતા કહ્યુ છે કે, કોઈ ગૃહ મંત્રી કોઈ પોલીસ અધિકારીને ૧૦૦ કરોડ વસુલ કરવા માટે આદેશ આપે તેવુ મેં મારી જિંદગીમાં સાંભળ્યુ નથી.મહારાષ્ટ્ર તો ઠીક છે પણ દેશમાં પણ ક્યાંય આવુ થયુ નહીં હોય. રાજ ઠાકરેએ ગૃહ મંત્રી અનિલ દેશમુખને સવાલ કર્યો હતો કે, જો તમારા મતે પોલીસ કમિશનર પોતાને બચાવવા માટે આ પ્રકારના આરોપ લગાવતા હોય તો અને તે જો સચિન વાજેની સાથે મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર મુકવામાં સામેલ હોય તો આ મામલાની તપાસ પહેલા કેમ ના કરાવી, કેમ પરમબીરસિંહને પહેલા પદ પરથી ના હટાવાયા અને કેમ તેમની બદલી ના કરી ?અનિલ દેશમુખ પોતાની જવાબદારીઓમાંથી છટકી શકે તેમ નથી.તેમણે તરત જ રાજીનામુ આપી દેવુ જોઈએ અને જો તે રાજીનામુ આપવા તૈયાર ના હોય તો તેમને આ માટે ફરજ પાડવી જોઈએ. તેમણે કહ્યુ હતુ કે, પહેલા આતંકીઓ બોમ્બ મુકતા હતા અને હવે ખબર પડી કે પોલીસ બોમ્બ મુકે છે.પોલીસે કોના કહેવા પર વિસ્ફોટકો ભરેલી કાર મુકી તેની તપાસ થવી જોઈએ. કોઈ મોટા વ્યક્તિના આદેશ વગર સચિન વાજેએ મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર મુકી હોય તે શક્ય નથી.

## બાલાસિનોરના સરોડા ગામે બે ઈસમો વચ્ચે પત્નિ સાથેના આડા સંબંધોને લઈ મારામારી થતાં ઈજાઓ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના સરોડા ગામના બે ઈસમો વચ્ચે પત્નિ સાથે આડા સંબંધ બાબતે બોલાચાલી થતાં એકબીજાની સાથે મારામારી કરી શરીરે ફ્રેકચર કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

બાલાસિનોર તાલુકાના સરોડા ગામના ચંદુભાઈ ભુલાભાઈ ચૌહાણ પોતાના ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન લક્ષ્મણભાઈ સોમાભાઈ ચૌહાણ તથા ધર્મેશભાઈ ભુલાભાઈ ચૌહાણ દ્વારા ચંદુભાઈ ભુલાભાઈ ચૌહાણને તેમના ભત્રીજાની બહુ સાથે આડા સંબંધનો વ્હેમ રાખી ચંદુભાઈ ભુલાભાઈ ચૌહાણ સાથે ઝઘડો કર્યો હતો. અને મારામારી કરતા કાંડા ઉપર તથા ભુલાભાઈ ચૌહાણને હાથના બાવડા ઉપર લાકડીથી માર મારીને ફ્રેકચર કર્યુ હતુ અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ બનાવની ફરિયાદ રાજેશભાઈ ચંદુભાઈ ચૌહાણએ બાલાસિોનર પોલીસ મથકે કરતા પોલીસે (૧)લક્ષ્મણભાઈ સોમાભાઈ ચૌહાણ, (૨)ધર્મેશભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## ગુજરાત મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત આર્થિક સહાય મેળવવા નોંધણી

ગોધરા, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખીને "ગુજરાત મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ" અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા લાભાર્થીના આધારલિન્કડ બેંક ખાતામાં PFMS દ્વારા રૂા. ૧,૦૦૦/- ની આર્થિક સહાય ચૂકવણી કરવાનું ઠરાવેલ છે. આ ઠરાવમાં ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ કુલ ૬.૩૮ લાખ બાંધકામ શ્રમિકોને પણ આવરી લેવામાં આવ્યા છે. જે બાંધકામ શ્રમિકોના આધાર લિન્કડ બેંક ખાતામાં રૂ. ૧,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવી છે. જેની યાદી બોર્ડની વેબસાઈટ પર પણ મૂકવામાં આવી છે. જયારે બાકી રહેતા નોંધાયેલ બાંધકામ શ્રમિકોના ડેટા અયોગ્ય કે અધૂરા હોય જેમ કે આધાર નંબર ખોટા હોય, બેંકની વિગત અપૂરતી હોય, બેંક ખાતુ આધાર લીંક ન હોઈ, બેંક ખાતું બંધ હોય વગેરે કારણોસર નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય તેઓના બેંક ખાતામાં જમા કરાવી શકાતી નથી. આમ જે નોંધાયેલ (લાલ બુક ધરાવતા) બાંધકામ શ્રમિક આર્થિક સહાયથી વંચિત છે, તેવા બાંધકામ શ્રમિકો તેમની વિગતો બોર્ડના પોર્ટલ https://misbocwwb.gujarat.gov.in/registrationform પર રજૂ કરી શકશે, બાંધકામ શ્રમિક પોતાના રેડબુક (ઓળખ પત્ર) નંબરને આધારે રજીસ્ટ્રેશન ફોર્મ ભરી તેઓના ડેટા ઓનલાઈન સબમીટ કરાવવાનો રહેશે. બોર્ડ/ NIC દ્વારા તેઓની વિગતો ચકાસી ડ્ત્રાયજ દ્વારા આર્થિક સહાયની ચુકવણી નાગરિક પુરવઠા વિભાગ કરી શકશે. જેથી યાદીમાં જણાવાયું છે કે બાકી રહી ગયેલ નોંધાયેલા બાંધકામ શ્રમિકોએ તેમની વિગત આગામી ૩૧ માર્ચ,૨૦૨૧ પહેલા સબમિટ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે, ત્યારબાદ કરવામાં આવેલ અરજીઓ અસ્વીકાર્ય રહેશે.

## મોરવા હડફ નાં ડાગરિયા ગામે શિવસેના જિલ્લા પ્રમુખ દ્વારા મીટિંગનું આયોજન



મોરવા(હ), ૧૨૫ વિધાનસભા મોરવા હડફ ની પેટા ચુંટણી સંદર્ભે શિવસેના જિલ્લા પ્રમુખ લાલાભાઈ ગઢવી દ્વારા મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં તાલુકા પ્રમુખ ચેતનભાઈ બારીયા.તાલુકા ઉપ પ્રમુખ હિરેનભાઈ સોલંકી.અને શિવસૈનિકો જોડાયા હતા. સાથે ભાજપથી નારાજ થયેલા ૧૧૦ કોંગ્રેસથી નારાજ થયેલા ૧૦ કાર્યકરો શિવસેના નો કેસરિયો ખેસ પહેરીને શિવસૈનિક બનેલ હતા.અને સાથે ઉમેદવારની પસંદગી બાબતે મહત્વની ચર્ચા વિચારણા કરેલ હોવાનુ જાણવા મણેલ. ઉમેદવારની પસંદગી બાબતે મહત્વની ચર્ચા શિવસેના જિલ્લા પ્રમુખ લાલાભાઈ ગઢવી દ્વારા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને ખૂબ મોટી સંખ્યામાં શિવસૈનિકો જોડાયા હતાં.

## લાતુરથી ચોરેલી ૬ લાખની કોસ્મેટિક ચીજવસ્તુ સાથે ગોધરાથી એક ઝડપાયો

ગોધરા, મહારાષ્ટ્રના લાતુર જિલ્લાની એમ.આઈ.ડી.સી.લાતુર પો.સ્ટે.વિસ્તારમાં આવેલ ગોડાઉનમાંથી આશરે રૂ.૯.૮૪ લાખની કોસ્મેટિક વસ્તુઓની ચોરી થયેલ હતી. તેની ફરિયાદ એમ.આઈ.ડી.સી.લાતુર પો.સ્ટે.નોંધાવેલ હતી. લાતુર પોલીસને આ ચોરીના આરોપીઓ ગોધરામાં હોવાની શંકાના આધારે એમ.આઈ.ડી.સી.લાતુર પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ્પેકટર કદમ ટીમ સાથે ગોધરા આવ્યા હતા. આ ચોરીના આરોપીઓને પકડવા એમ.આઈ.ડી.સી.લાતુર પો.સ્ટે.તથા ગોધરા બી-ડીવીઝનની સંયુકત ટીમ બનાવી આરોપી મોહસીન જીયાઉદ્દીન ટપલા(રહે.મોહંમદી મહોલ્લા)ના મોબાઈલ ટ્રેસ કરી પો.ઈન્સ.પટેલને જણાવતા બી-ડીવીઝનના પો.સ.ઈ.જે.એન.જાડેજા તથા ડી સ્ટાફના અ.હે.કો.રમેશભાઈ નરવતસિંહ તથા અ.હે.કો.શંકરસિંહ તથા અ.હે.કો.મુકેશસિંહ, આ.હે.કો.સલીમમીંયા, અ.પો.કો.અલ્પેશકુમાર, અ.પો.કો.ભાસ્કર મધુરકર, અ.પો.કો.સિદ્ધરાજસિંહ તથા અ.પો.કો.સંજયકુમાર તથા એમ.આઈ.ડી.સી.લાતુર પો.સ્ટે.ની ટીમ સાથે મળેલ મોબાઈલ લોકેશનવાળી જગ્યાએ જઈ આરોપી મોહસીન જીયાઉદ્દીન ટપલાને ઝડપી લઈ પોલીસ સ્ટેશન લાવી પુછપરછ કરી ચોરીમાં ગયેલ મુદ્દામાલ પૈકી કોસ્મેટિક વસ્તુઓ કિ.રૂ.૬ લાખ તથા ચોરીમાં વપરાયેલ ટ્રક મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૧૩ લાખનો રિકવર કરી મહારાષ્ટ્ર રાજયના લાતુર જિલ્લાના એમ.આઈ.ડી.સી.લાતુર પો.સ્ટે.ના ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

## હાલોલના ગેટમુવાલામાં સેરાપ કંપનીના કુલરની કોપી કરી માર્કેટમાં વેચતા છ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

હાલોલ, ગેટમુવાલામાં મિલ્ક કુલર બનાવતી સેરાપ ઈન્ડિયા કંપનીમાં ટેકનિશીયન તરીકે કામ કરતા કલ્યાણસિંહ ચૌહાણ(રહે.વૃંદાવન સોસાયટી, કાલોલ), ખોડાભાઈ પરમાર(રહે.કાલોલ)એ તા.૦૧/૦૫/૨૦૧૨થી ૧૯/૦૩/૨૦૨૧ દરમિયાન કંપનીમાં દુધ ઠંડુ કરવાના બનતા મશીનોની ગુપ્ત ડાયરી સહિતની પ્રોફાઈલની ચોરી કરી હરિયાણા સ્થિત બિમલ એલ્યુમિન્સ કંપનીના મેનેજીંગ ડાયરેકટર રજનીશકુમાર રસમી ખરબંદા રાજેશકુમાર સાથે સોદો કરી આપતા ઉપરોકત બિમલ કંપનીના સંચાલકોએ હાલોલની સેરાપ કંપનીમાં બનતા કુલર મશીનોની કોપી કરી માર્કેટમાં ઓછા ભાવે વેચાણ કરતા હોવાનુ ધ્યાન પર આવતા કંપનીના મેનેજર ભાવેશ પાટડિયાએ હાલોલ રૂરલ પોલીસ મથકે કલ્યાણસિંહ પરમાર સહિત હરિયાણામાં ચાર સહિત છ લોકો સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 177

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણીની મીટીંગમાં આક્ષેપબાજી

# ગરબાડા ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા દ્વારા વિવાદીત નિવેદન



મોરવા(હ), ૧૭ એપ્રિલ ના રોજ યોજાનાર મોરવા હડફ વિધાનસભા પેટા ચૂંટણી ને લઈ રાજકીય પક્ષોના મિટિંગોનો દોર શરૂ થયો છે. ત્યારે મોરવા હડફ વિધાનસભાની પેટા ચૂંટણી માટે મોરવા તાલુકાના ઉમરદેવી ખાતે કોંગ્રેસ દ્વારા વિસ્તૃત કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકના જાહેર મચ ઉપરથી ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં દાહોદ જિલ્લાના ગરબાડાના કોંગ્રેસના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં BJPના જીતેલા ઉમેદવારોના ઘર ઉપર પથ્થર મારવા માટે ઉશ્કેરાટના શબ્દો ઉદ્ગગાર્યા હતા. મોરવા(હ) વિધાનસસભાની બેઠકને અનુલક્ષીને કોંગ્રેસ દ્વારા આયોજિત આ બેઠકમાં હાજર પ્રભારી દાહોદના ગરબાડાના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાએ ભડકાઉ અને વિવાદાસ્પદ ભાષણ આપ્યું હતું. તાજેતરમાં સંપન્ન થયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ટાંકી વિવાદિત નિવેદન આપ્યું હતું. ચંદ્રિકાબેન બારીયાએ જણાવ્યું કે ભાજપ વાળા જે જે જીત્યા છે. એમના ઘરે જઈ પથ્થરમારો કરવો જોઈએ. બોગસ મતથી જીત્યા છે, મશીનથી જીત્યા છે, દારૂની પોટલીથી જીત્યા છે, પાંચસો ગ્રામ તેલથી જીત્યા છે. એ પાંચ વર્ષ નથી ચાલવાનું સાથે સાથે પોતાને હરાવવા માટે જણાવ્યું કે મેં વિધાનસભામાં ખુલ્લો પડકાર ફેંક્યો છે. મારા સામે મુખ્યમંત્રી કે ગણપત વસાવાને મુકવા પડે. મોરવા હડફની પેટાચૂંટણી જાહેર થયા બાદ રાજકીય પક્ષોમાં ઉમેદવારોને લઈને કવાયત તેજ બની છે. મોરવા હડફ વિધાનસભા બેઠક આદિવાસી ઉમેદવાર માટે રિઝર્વ સીટ છે. ત્યારે કોંગ્રેસ દ્વારા પોતાના ગઢ સમાન આ વિધાનસભા બેઠક ઉપર આગામી ૧૭ એપ્રિલના રોજ યોજાનાર પેટા ચૂંટણીમાં ઉમેદવાર નક્કી કરવા માટે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા તેમજ અન્ય પદાધિકારીઓની હાજરીમાં ઉમેદવારોના નામોને લઈને તેમજ પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષની રણનીતિ તૈયાર કરવા માટે મોરવાહડફના ઉમરદેવી ગામે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લાની મોરવા હડફ વિધાનસભા બેઠક પર ૨૦૧૭ માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભુપેન્દ્ર ખાંટ અપક્ષ ઉમેદવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. બાદમાં ભુપેન્દ્ર ખાંટનું આદિવાસી હોવાનું પ્રમાણપત્ર ખોટું હોવા અંગેનો મામલો સામે આવ્યો હતો અને તેઓને ધારાસભ્ય પદ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જેની સામે હાઈકોર્ટમાં ભુપેન્દ્ર ખાંટ દ્વારા અપીલ કરવામાં આવી હતી. દરમિયાન બીમારીને લઈને ભુપેન્દ્ર ખાંટનું અવસાન થયું હતું. તેમના અવસાન બાદ ખાલી પડેલ વિધાનસભાની આ બેઠક પર આગામી ૧૭ મી એપ્રિલે પેટાચૂંટણી યોજવાની છે.

### સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં મશીન અને દારૂથી જીતેલાઓ પર પથ્થર મારવા જોઈએ.

### ભાજપ પોલીસ અને પ્રસાશનનો દુર ઉપયોગ કરી ચુંટણી જીતે છે

મોરવા(હ)ના ઉમરદેવી ગામે હાજર રહેતા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા એ શાસક પક્ષ ભાજપ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો કે, ભાજપ ચુંટણીમાં પોલીસ અને પ્રસાશનનો દુર ઉપયોગ કરીને ચુંટણીઓ જીતે છે. ભાજપ દારૂની રેલમછેલ ચુંટણીમાં કરવામાં આવે છે.

**અમિત ચાવડા, કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ.**

### સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં મશીન અને દારૂથી જીતેલાઓ પર પથ્થર મારવા જોઈએ

મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણીને લઈ કારોબારીની મીંટીંગ યોજાઈ હતી. તેમાં ગરબાડા ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા હાજર રહ્યા હતા. ચંદ્રિકાબેન દ્વારા વિવાદીત નિવેદન આપવામાં આપ્યું હતુ કે મોરવા(હ)માં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં મશીન, દારૂની પોટલી અને ૫૦૦ રૂપીયાની નોટથી જીત્યા છે. ત્યારેઆવા ભાજપના કાર્યકરોના ઘરે પથ્થરો મારવા જોઈએ. વધુમાં જણાવ્યું કે, ગરબાડા બેઠક ઉપર થી ચંદ્રિકાબેન બારીયાને હરાવવા માટે મુખ્યમંત્રી કે ગણપત વસાવા ચુંટણીમાં ઝંપલાવે તો પણ મારી સામે હારી જાય.

**ચંદ્રિકાબેન બારીયા, ધારાસભ્ય, ગરબાડા.**

### પોલીસ અને પ્રશાસનનો દૂર ઉપયોગ કરી ચૂંટણી જીતતા હોવાના પણ આક્ષેપ

મોરવા હડફના ઉમરદેવી ગામમાં કોંગ્રેસ દ્વારા યોજવામાં આવેલી બેઠકમાં આગામી વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટેની રણનીતિ અંગે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ચર્ચા કરી હતી. તો બીજી તરફ ભાજપ દ્વારા ચૂંટણીમાં પોલીસ અને પ્રશાસનનો દૂર ઉપયોગ કરી ચૂંટણી જીતતા હોવાના પણ આક્ષેપ કર્યા હતા. ભાજપ દ્વારા ભ્રષ્ટાચાર કરીને જે નાણાં ભેગા કરવામાં આવ્યા છે. તેનો જ ઉપયોગ આ ચૂંટણીઓમાં કરવામાં આવે છે. ભાજપ દ્વારા પોલીસ અને પ્રશાસનનો દુરૂપયોગ કરી દારૂની રેલમછેલ આ ચૂંટણીઓમાં કરવામાં આવે છે. આગામી પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે પણ ઉપસ્થિત કોંગી પદાધિકારીઓએ ઉપસ્થિત કાર્યકરો-મતદારોને અપીલ કરી હતી.

# દાહોદ અને પંચમહાલ જીલ્લામાં કોરોના ડરને લઈ હોળીનો રંગ ફિકકો



ગોધરા, હોળીનો પર્વ એ પંચમહાલ દાહોદ જિલ્લાના લોકો માટે અતિ મહત્વનો ઉત્સવ હોઈ છે.ત્યારે હોળી ધુળેટીના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા હોવા છતાં ગોધરાના બજારોમાં પર્વને અનુલક્ષીને કોઈ માહોલ જોવા મળતો નથી. કોરોના ના વધતા જતા કેસોને લઈ વેપારીઓને લોકડાઉનનો ભય સતાવી રહ્યો છે. જેને લઈ કેટલાક વેપારીઓએ તો માલની ખરીદી પણ કરી નથી.

ગોધરા શહેર સહીત પંચમહાલ દાહોદ જીલ્લામાં હોળી ધુળેટી પર્વની ધામધૂમ પુર્વક ઉજવણી કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે કોરોનાના વધતા જતા કેસોને લઈ લોકોમાં ભારે ગભરાટ જોવા મળે છે. સરકાર હોળી ધુળેટી પર્વની ઉજવણી કરવા દેશે કે નહીં જેને લઈ વેપારીઓ પણ ભારે મુંઝવણમાં મુકાયા છે. તો કેટલાક વેપારીઓએ તો માલની ખરીદી પણ નથી કરી.

કોરોના વધતા સંક્રમણને લઈ સરકારે પણ તમામ મોટા કાર્યક્રમો રદ કર્યા છે. ખાસ કરી હોળી ધૂળેટીના પર્વમાં લોકો મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે અને પર્વની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે. ત્યારે કોરોના સંક્રમણ વધવાની શકયતાઓ રહી છે. ગોધરા શહેર સહીત પંચમહાલ દાહોદ જીલ્લામાં પણ કોરોના એ ફરી ધીમે ધીમે પકડ જમાવી છે. જેને લોકોમાં પણ એક પ્રકારનો ભય જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ આરોગ્ય વિભાગ દવારા કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે ના જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. ત્યારે હવે જોવું રહ્યું સરકાર હોળી ધૂળેટીના પર્વમાં છુટછાટ આપે છે કે નહીં જેને લઈ હાલ તો વેપારીઓ મુંઝવણમાં મુકાયા છે. ત્યારે ગુજરાત રાજ્યના મોટા શહેરોમાં સરકાર દ્વારા કોરોનાની ગંભીરતા જોતા રાત્રી કરફ્યુ ની જાહેરાત કરવામાં આવી છે. તો પંચમહાલ દાહોદ અને મહિસાગર જિલ્લાના શ્રમિકો આ મોટા શહેરોમાં ધંધા રોજગાર અર્થે ગયા હતા તેઓ હોળીના તહેવાર અર્થે તેમજ મોટા શહેરોમાં રાત્રી કરફ્યુના કારણે આ શ્રમિકો બારોબાર જ ખાનગી વાહનો કરી પોતાના માદરે વતન આવતા થઈ ગયા છે. માટે ગોધરા શહેરમાં ઘરાકી ના નીકળતી હોવાની કેફિયત વેપારીઓ રજૂ કરી રહ્યા છે.

## ગોધરા પોલીસ ચોકી ૭ પાસે વરલી મટકાનો જુગાર રમાડતા બે ઈસમોને ઝડપ્યા

ગોધરા, ગોધરા શહેર બી ડીવીઝન પોલીસે બાતમી મળી હતી કે, વરલી મટકાનો જુગાર રમાતો હોય તે સ્થળે રેડ કરી બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. તે સ્થળે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન વરલી મટકાનો જુગાર લખવાની સ્લીપ બુક અને રોકડા ૬૧૦/-રૂપીયા સાથે મહેફુઝ ઉર્ફે કયુકો આદમ ઘંત્યા એન શબ્બીર ઉર્ફે દરબાર મહેમદ હુસેન ચાનકીને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## પંચમહાલમાં કોરોનાએ પુનઃ કહેર મચાવતા રવિવારે વધુ ૨૦ કેસ

ગોધરા, પંચમહાલ જિલ્લામાં રાવીવાર ના રોજ કોરોનાના નવા ૨૦ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૨૪૩ થવા પામી છે. જ્યારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૧૪૫ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી જ ૧૮ કેસ અને કાલોલમાંથી ૦૨ કેસ એમ મળી કુલ ૨૦ કેસ નોંધાવા પામ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૧૫૭ થવા પામી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૮૬ કેસો મળી આવ્યા છે. આજે કુલ ૦૭ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૯૫૬ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૨૪૩ થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ વધતા કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો નોંધતા માત્ર જિલ્લાના ગોધરા શહેર માં જ આજે ૧૮ કેસ નોંધાતા ગોધરા વાસીઓમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.ત્યારે પરિસ્થિતિ હજી પણ વણસી શકવાની પુરેપરી સંભાવના રહેલી હોય માટે સૌ કોઈએ સોશિઅલ ડિસ્ટન્સ નું પાલન,માસ્ક અને સેનેટાઈઝર નો મહત્તમ ઉપયોગ થકી સાવધાની કેળવવી જ પડશે.

## કાલોલના સફાઈ કામદારના દિકરીનું જિલ્લા કલેક્ટરના હસ્તે બહુમાન



ગોધરા, જિલ્લા સેવાસદન-ગોધરા ખાતે આજે કલેક્ટર અમિત અરોરાના હસ્તે કાલોલના સુ.ભાવિકાબેન અમિતભાઈ સોલંકીનું ધોરણ-૧૨માં ઉત્કૃષ્ઠ શૈક્ષણિક પ્રદર્શન બદલ પ્રશસ્તિપત્ર તેમજ રૂ.૧૧,૦૦૦/- નો ચેક આપી સન્માન કરવામાં આવ્યું હતું. ભાવિકાબેન સોલંકીએ વર્ષ ૨૦૨૦માં સામાન્ય પ્રવાહની ધોરણ-૧૨ની પરીક્ષામાં અનુકરણીય પ્રદર્શન કરતા સફાઈ કામદારોના બાળકો પૈકી સમગ્ર રાજ્યમાં ત્રીજો ક્રમ મેળવ્યો હતો. તેમણે ૭૯.૭૩ ટકા ગુણ પ્રાપ્ત કર્યા હતા. જિલ્લા કલેક્ટરએ આ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવતા તેમને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ આપી હતી. જિલ્લા સમાહર્તાએ આ તેજસ્વી દિકરી સાથે પ્રોત્સાહક સંવાદ કરવા સાથે બે પુસ્તકો પણ ભેટ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઈ કામદારોના બાળકો અને તેઓના આશ્રિતોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડની પરીક્ષામાં સફાઈ કામદારોના બાળકો પૈકી સમગ્ર રાજ્યમાં ૧ થી ૩ ક્રમ મેળવતા બાળકોને પ્રોત્સાહનરૂપે રોકડ રકમઅને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

## ઘોઘંબાના સરસવામાં આગથી માલસામાન ખાખ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના સરસવા ગામે છાપરામાં મુકેલ લાઈટના મીટરમાં ભડકો થતાં આગ લાગી હતી. જેમાં સરસામાન, બેંકની ચોપડીઓ મળી ૯૦,૦૦૦ રૂપીયાનો માલસામાન બળીને ખાખ થયો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના સરસવા ગામે રહેતા રતનસિંહ દલાભાઈ રાઠવાના કાચા છાપરામાં દિવાલ ઉપર લગાડેલ લાઈટના મીટરમાં ભડકો થયો હતો. ભડકાને લીધે લાગેલ આગને લઈ ઘરમાં રાખેલ અનાજ, વાસણો, પતરાની પેટીમાં રાખેલ પૈસા, છોકરાઓના સર્ટીઓ, કપડાં, બેંકની ચોપડીઓ તેમજ આધારકાર્ડ, ચુંટણીકાર્ડ બળીને ખાખ થઈ જવા પામ્યા હતા. ઘરમાં લાગેલ આગમાં ૯૦ હજાર રૂપીયાનું નુકશાન થવાની ફરિયાદ રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લા સંકલન સમિતિની બેઠક ગોધરાના જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અમિત અરોરાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટરએ વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી હતી. બેઠકમાં વિવિધ કચેરીઓના વડાને કચેરીમાં આવતી નાગરિક અધિકાર સહિતની અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ કરવા જણાવાયું હતું. આ ઉપરાંત દરેક કચેરીને પેંશન કેસોની કામગીરી ગંભીરતાથી લઈ જેમના પેંશન કેસો કોઈ કારણોસર પેન્ડિંગ હોય તેવા પેંશન કેસોનો ઝડપથી નિકાલ કરવા અને દરેક કર્મચારીને તેના નિવૃત્તિ લાભો વહેલી તકે મળે તે સુનિશ્ચિત કરવા તમામ અધિકારીઓને સૂચના આપી હતી. વિવિધ કચેરીઓના બાકી નીકળતા સરકારી લેણાની વસુલાત બાબતે ચર્ચા કરતા આ વસૂલાત નિયમિતપણે થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા હતા. ઉનાળાને ધ્યાનમાં રાખીને વધુ જનસંપર્ક ધરાવતી કચેરીઓમાં પીવાના પાણી, છાંયડા સહિતની વ્યવસ્થા કરવા તેમજ ગરમીના કારણે જંગલ વિસ્તારમાં આગના બનાવ બને તો પૂરતી પૂર્વ તૈયારીઓ કરવા સૂચના આપી હતી. વિવિધ કચેરીઓના જમીન અંગે માંગણી હોય તો દરખાસ્ત કરવા પણ અધ્યક્ષસ્થાનેથી જણાવાયું હતું. આ અગાઉ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એલ.બી. બાંભણીયા દ્વારા જિલ્લાની મોરવા હડફ બેઠક માટે જાહેર કરાયેલી વિધાનસભા પેટા ચૂંટણીને ધ્યાનમાં લઈ પાળવાની થતી આદર્શ આચારસંહિતાનો સખ્તપણે અમલ થાય તે દિશામાં કામગીરી અંગે અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીસુશ્રી નેહા ગુપ્તાએ ચૂંટણી સંદર્ભે નિમાયેલા નોડલ અધિકારીઓને તેમને બજાવવાની થતી અપેક્ષિત ફરજો વિશે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં નાયબ વનસંરક્ષક એમ. મીણા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. રાઠોડ, પ્રાંતઅધિકારી, ડીવાયએસપી સહિતના જિલ્લા સંકલનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગોધરા પાલિકામાં અપક્ષ પ્રમુખે પદભાર ગ્રહણ કરતાં

## પાલિકા કર્મચારીઓના ચાર મહિનાના બાકી પગાર પૈકી એક મહિના પગારનું ચુકવણું

ગોધરા, ગોધરા નગર પાલિકામાં અપક્ષ દ્વારા સત્તા ધુરા સંભાળી છે. અને શનિવારના રોજ નગર પ્રમુખ તરીકેનો પદભાર સંભાળતાની સાથે પ્રમુખ દ્વારા પાલિકાના કર્મચારી અને સફાઈ કામદારોના ચાર મહિનાના પગાર બાકી હતો. તે પૈકી એક મહિનાનો પગારનું ચુકવણું કરાવતા સફાઈ કામદારોમાં આનંદ વ્યાપ્યો છે. ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં અપક્ષ સભ્યોની બહુમતી સાથે પાલિકાના સત્તાની ધુરા હાંસલ કરી છે. અપક્ષના સંજય ચંપકલાલ સોની એ પાલિકા પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થઈ હતી. પાલિકાના નવા ચુંટાયેલા પ્રમુખ સંજય સોની દ્વારા શનિવારના રોજ વિધીવત પદભાર સંભાળ્યો હતો. ગોધરા પાલિકામાં પ્રથમ દિવસે પાલિકાના કર્મચારીઓના છેલ્લા ચાર મહિના થી પગાર બાકી હતો. તેના માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. તે પૈકી એક મહિનાનો પગાર આપવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો. તેની સાથે પાલિકાના કર્મચારીઓના એક મહિનાનો પગાર ચુકવી દેવામાં આવતાં પાલિકાના કર્મચારીઓમાં ખુશી જોવા મળી છે.

# ધી શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષણ કર્મચારી ધી.સહકારી મંડળીની ૫૦ વર્ષ પુરા થતા સુવર્ણ જંયતીની ઉજવણી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં ધી શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષણ કર્મચારી ધી.સહકારી મંડળી આવેલી છે. જેની સ્થાપના ૧૯૭૦માં કરવામાં આવી હતી. મંડળીએ સમય જતાં ચડાઉ ઉતાર જોતા ૫૦ વર્ષ પૂરા કરીને ૫૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો હતો. ત્યારે આવા ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવા માટે નગર પાલિકાના હોલ ખાતે મંડળીના ૫૦ વર્ષ પૂરા થતા સુવર્ણ જંયતીની ઉજવણી કરવામા આવી હતી. શિક્ષક મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિનોદ પટેલ, વાઈસ ચેરમેન અર્જુનભાઈ બારીઆ, રામાભાઈ પાટીદાર તેમજ શિક્ષક સંઘના પ્રમુખ અનુપસિંહ, મંત્રી વિનોદભાઈ અને હઠી કાકા એ દિપ પ્રાગટ્ય કરીને ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ધી શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષણ કર્મચારી ધી.સહકારી મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલે જણાવ્યું કે, સોસાયટીને સંપૂર્ણ કમ્પ્યુટરાઈઝેશન કરવાનું બીડુ ઝડપ્યું હતું. જે કામ માત્ર ૧૦ દિવસ પૂર્ણ કરેલ છે. કોમ્પ્યુટરાઈઝેશન થી સભાસદોને પોતાની બચત, લીધેલું કરજ અને વ્યાજની રકમ સહેલાઈથી પોતાના મોબાઈલમાં એસએમએસ દ્વારા જાણી શકે છે. પેહલા સભાસદોને ધિરાણ માટે ચેક આપવામાં આવતો હતો. જે ચેક ક્લીયરીંગમાં જતા ત્રણ કે ચાર દિવસ થી પણ વધુ સમય ક્લિયર થવામાં જતો હતો. જે હવે સોસાયટીના જે સભાસદો કરજ નો કે અન્ય કોઈ પણ ચેક આપ્યો હોય તો તે ચેકના નાણાં તે જ દિવસે સભાસદ ના ખાતામા જમા થાય તે હેતુ થી RTGS જેવી સુવિધા ને અમલ મા લઈ પ્રાધાન્ય આપેલ હોવા સાથે પ્રગતિ કરી રહી છે. ધી શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારી ધિરાણ સહકારી મંડળીના સુવર્ણ જયંતીની ઉજવણીમાં ચેરમેન, મંત્રી, કારોબારી સભ્યો તેમજ સભાસદો હાજર રહ્યા હતા.